ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ક્રમાંક: આઈસીડી/૧૦૨૦૨૦/૧૧૩૬/બ-૧

સચિવાલય, ગાંધીનગર.

તા.૨૪/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:

1. મહિલા અને બાળ વિકાસ વિભાગની અધિસૂચના ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૧૮/૫૦૮/બ-૧, તા.૩૦/૦૧/૨૦૧૯.
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો સમાન ક્રમાંકનો હુકમ, તા.૨૬/૦૨/૨૦૨૧.

આમુખ:

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના હુકમથી સુશ્રી મનીષાબેન વી. બ્રહ્મભટ્ટને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માંથી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ના સંવર્ગમાં બઢતીથી નિમણૂક આપવામાં આવેલ હતી. પરંતુ એમની સેવા સળંગની દરખાસ્ત વખતે સુશ્રી મનીષાબેન વી. બ્રહ્મભટ્ટને જે તે સમયે બઢતી મળવાપાત્ર ન હોવાની બાબત વિભાગના ધ્યાને આવેલ હતી.

૨/- સુશ્રી બ્રહ્મભટ્ટની સેવા વિષયક માહિતી તેમજ ક્રમવાર વિગતો નીચે મુજબ દર્શાવેલ છે:

1. વિભાગના તા.૨૭/૧૦/૨૦૦૯ના હુકમથી સુશ્રી મનીષાબેન બ્રહ્મભટ્ટની સીધી ભરતીથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે નિમણૂક આપવામાં આવેલ હતી.
2. સુશ્રી બ્રહ્મભટ્ટ ત્રણ તકમાં પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા પાસ ન થતા તા.૧૨/૦૩/૨૦૧૨ની અસરથી છુટા કરવામાં આવેલ હતા.
3. વિભાગના તા.૨૬/૦૪/૨૦૧૨ના પત્રથી પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષા માટે સુશ્રી બ્રહ્મભટ્ટને કૃપા તક આપવાની જાણ કરેલ હતી.
4. સ્પીપાના તા.૨૨/૦૨/૨૦૧૩ના જાહેરનામાથી સુશ્રી બ્રહ્મભટ્ટને પ્રથમ કૃપાતકમાં પાસ જાહેર કરવામાં આવ્યા હતા.
5. વિભાગના તા.૦૫/૦૯/૨૦૧૩ના હુકમથી સુશ્રી બ્રહ્મભટ્ટને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે અજમાયશી ધોરણે નિમણૂક કરેલ હતી.

6. વિભાગના તા.૧૩/૦૪/૨૦૧૬ના પરિપત્રથી બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ની આખરી પ્રવરતા યાદીમાં સુશ્રી બ્રહ્મભટ્ટને તા.૨૭/૧૦/૨૦૦૯ની સિનિયોરીટી આપવામાં આવી. જ્યારે વાસ્તવમાં કૃપાતકમાં પાસ થયાના સ્પીપાના પરીણામના જાહેરનામાની તારીખે સુશ્રી બ્રહ્મભટ્ટને તા.૨૨/૦૨/૨૦૧૩ની સિનિયોરીટી મળવાપાત્ર હતી.
7. વિભાગની તા.૧૫/૦૯/૨૦૧૬ની અધિસૂચનાથી સુશ્રી બ્રહ્મભટ્ટને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે કાર્યકારી રીતે લાંબાગાળાના ધોરણે ચાલુ રાખવાના આદેશો કરેલ હતા.
8. તા.૧૯/૧૦/૨૦૧૮ના રોજ બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માંથી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧માં બઢતી માટેની ખાતાકીય બઢતી સમિતિની બેઠક યોજાયેલ હતી.
9. ઉક્ત ડીપીસીમાં સુશ્રી બ્રહ્મભટ્ટ દ્વારા તા.૦૧/૦૪/૨૦૧૩થી ૩૧/03/૨૦૧૪ સુધીના મુલ્યાંકન અહેવાલ રજુ કરવામાં આવ્યા હતા, પરંતુ તા.૦૧/૦૪/૨૦૧૩ થી ૦૪/૦૯/૨૦૧૩ સુધીના સમયગાળામાં સુશ્રી બ્રહ્મભટ્ટને છુટા કરેલ હોવાથી ફરજ પર ન હતા. આમ, ફરજ ઉપર નહોંતા એ સમયગાળાના પણ મૂલ્યાંકન અહેવાલ રજૂ કરીને વિભાગને ગેરમાર્ગે દોરવામાં આવેલ છે.
10. વિભાગની તા.30/0૧/૨૦૧૯ની અધિસૂચનાથી સુશ્રી બ્રહ્મભટ્ટને પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે નિમણૂકના આદેશો કરવામાં આવેલ હતા.

3/- ઉક્ત બાબત વિભાગના ધ્યાને આવતા સા.વ.વિ.ના તા.૧૧/૦૯/૨૦૦૧ના જાહેરનામાની જોગવાઈ, "The seniority of such officer as has passed the examination in the additional chance on the payment of such fee, shall be reckoned from the date of declaration of the result of the examination" ધ્યાને લઈને વંચાણે લીધા ક્રમાંક (૨) પરના હુકમથી સુશ્રી બ્રહ્મભટ્ટની તા.૨૭/૧૦/૨૦૦૯ની સ્થિતિએ મળેલ પ્રવરતા ક્રમ-૨૭૭ રદ કરીને પૂર્વ સેવા તાલીમાંત પરીક્ષાનું પરિણામ પ્રસિદ્ધ થયા તારીખ ૨૨/૦૨/૨૦૧૩થી પ્રવરતા ક્રમ-૪૨૪ (ક) પર મુકવામાં આવેલ છે. આથી ઉક્ત સિનિયોરીટી મુજબ સુશ્રી બ્રહ્મભટ્ટને બઢતી મળવાપાત્ર થતી નથી. આથી સુશ્રી બ્રહ્મભટ્ટની બઢતી મૂળ અસરથી રદ કરીને બાળ વિકાસ યોજના, વર્ગ-૨ના સંવર્ગમાં રીવર્ટ કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

//હુકમ//

મહિલા અને બાળ વિકાસ વિભાગની તા.૩૦/૦૧/૨૦૧૯ની અધિસૂચનાના ક્રમ-૧૨ પરના સુશ્રી મનીષા વાસુદેવભાઈ બ્રહ્મભટ્ટને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨માંથી પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ના સવર્ગમાં મળેલ બઢતી મૂળ અસરથી રદ કરીને બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ના સંવર્ગમાં રીવર્ટ કરવામાં આવે છે તેમજ તલોદ-૨, જિ.સાબરકાંઠા ખાતે બાળ વિકાસ યોજના અધિકારી, વર્ગ-૨ તરીકે મુકવામાં આવે છે.

ગુજરાત મુલ્કી સેવા (પગાર) નિયમો, ૨૦૦૨ના નિયમ-૨૮ અનુસાર સુશ્રી બ્રહ્મભટ્ટનો પગાર નિયમિત કરવાનો રહેશે.

આ હુકમ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ પર સા.વ.વિ.ની તા.૧૨/૦૧/૨૦૨૧ અને સરકારશ્રીની તા.૦૩/૦૨/૨૦૨૧ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
2. માન.રા.ક.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણીમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
3. અ.મુ.સ.શ્રી (ક.ગ., સા.વ.વિ.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
4. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
5. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, છ-૩ સર્કલ નજીક, છ રોડ, ગાંધીનગર (પત્ર દ્વારા)
6. નિયામકશ્રી (આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
7. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, સુરેન્દ્રનગર/સાબરકાંઠા.
8. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, સુરેન્દ્રનગર/સાબરકાંઠા.
9. સુશ્રી મનીષાબેન વી. બ્રહ્મભટ્ટ, બાળ વિકાસ યોજના અધિકારી.
10. શાખા સિલેક્ટ ફાઈલ.